# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 15-07-2025 Day: Tuesday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **જાગૃતિ વકીલ** વાંચે છે.

---

## શુભાંશુ શુક્લા-પૃથ્વી પર પરત -:

શુભાંશુ શુક્લા સહિત ચાર અવકાશયાત્રી ગઈકાલે 14 જુલાઈના રોજ સાંજે પોણા પાંચ વાગ્યે આંતરરાષ્ટ્રીય અવકાશ મથકથી પૃથ્વી માટે રવાના થયા. લગભગ 23 કલાકની મુસાફરી પછી તેમનું અવકાશયાન આજ રોજ ભારતીય સમય મુજબ બપોરે 3 વાગ્યે સમુદ્રમાં ઊતરશે. અવકાશયાન 263 કિલોથી વધુ કાર્ગો સાથે પરત ફરશે. આમાં નાસાના હાર્ડવેર અને 60થી વધુ પ્રયોગોનો ડેટા સામેલ હશે. અવકાશ સંશોધન માટે આ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે.

ઉલ્લેખનીય છે કે  અવકાશયાત્રીઓ 25 જૂનના રોજ બપોરે 12 વાગ્યે એક્સિયમ મિશન 4 હેઠળ રવાના થયા હતા.

---------------------------------------------------------------------------------------------------

## ભારતીય રેલવે-નવો નિયમ આજથી:

ભારતીય રેલવેએ તત્કાલ ટિકિટ બુકિંગના નિયમોમાં મોટા ફેરફારો કર્યા છે. આજ 15 જુલાઈ 2025 થી બુકિંગ માટે IRCTC વેબસાઇટ અથવા એપ્લિકેશન પર આધાર વેરિફિકેશન ફરજિયાત બનશે. આ ઉપરાંત ઓનલાઈન તત્કાલ બુકિંગ માટે આધાર નંબર સાથે લિંક થયેલ OTP પણ જરૂરી રહેશે. આ ફેરફારોનો હેતુ ટિકિટ બુકિંગમાં પારદર્શિતા લાવવાનો છે.

---------------------------------------------------------------------------------------------------

## બ્રીજ-પુલ ઈન્સ્પેક્શન-ગાંધીધામ:

તમામ બ્રીજ અને પુલના ઈન્સ્પેક્શનની રાજ્ય સરકારની સૂચના તેમજ નાગરિકોની સાવચેતીને ધ્યાને લઈને નેશનલ હાઈવેના રાજ્યકક્ષાના તેમજ ગાંધીધામ વિભાગના ઉચ્ચ અધિકારીઓ, ઈજનેર દ્વારા વિવિધ બ્રીજ અને પુલોનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. નેશનલ હાઈવેની ગાઈડલાઈન મુજબના પેરામીટરને ધ્યાને રાખીને ઝીણવટપૂર્વક વિવિધ બ્રીજ અને પુલની તપાસ કરવામાં આવી હતી. જ્યાં જોખમ જણાય ત્યાં તાત્કાલિક મરમ્મત, કોંક્રિટીંગ, બેરીકેટીંગ અને ચેતવણીના બોર્ડ લગાવવાની કામગીરી કરવામાં આવશે. આ ઉપરાંત, જોઈન્ટ વિઝિટ રીપોર્ટના આધારે જરૂરિયાત મુજબ આગામી સમયમાં મજબૂતી માટે નવા સ્ટ્રક્ચર બનાવવા, રિપેરીંગ કાર્ય કરવું તેમજ સતત ટેક્નિકલ મોનીટરીંગ વગેરે કામગીરીને પ્રાથમિકતા આપવામાં આવશે. ખાસ કરીને ચોમાસા દરમિયાન વાહનચાલકોને કોઈ જ મુશ્કેલી ના પડે તે હેતુથી વિવિધ પગલાઓ નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા લેવામાં આવી રહ્યા છે.

આ મુલાકાત દરમિયાન નાગરિકો યાત્રાની સુરક્ષિત, સુગમ તેમજ વિશ્વસનીય બની રહે તે બાબત ઉપર ભાર મૂકવામાં આવ્યો હતો. તેમ નેશનલ હાઈવે ઓથોરિટી ગાંધીધામ દ્વારા જણાવાયું છે.

---

## સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ 2025 -:

સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ 2025 ભારતની સ્વચ્છ, સ્વસ્થ અને ટકાઉ ગ્રામીણ સમુદાયો પ્રત્યેની પ્રતિબદ્ધતાને મજબૂત બનાવવા માટે એક મહત્વપૂર્ણ પગલું છે. દેશની સાથે કચ્છમાં પણ ગ્રામીણ વિસ્તારોમાં સ્વછતા પ્રત્યે વિશેષ ધ્યાન આપી,લોકોને જાગૃત કરવામાં આવી રહ્યા છે.

કચ્છના જાગૃત એવા કુનરિયા ગામના ગ્રામપંચાયતના મહિલાસરપંચ શ્રી રશ્મિ છાંગા જણાવે છે કે લોકભાગીદારી દ્વારા આ સ્વછતા સર્વેક્ષણ અંતર્ગત ગામને સ્વચ્છ રાખી લોકો આરોગ્ય પ્રત્યે સ્વયં જાગૃત થયા છે....

(બાઈટ- રશ્મિ છાંગા-સરપંચ-કુનરિયા ગ્રામપંચાયત)

---

## ક્રિકેટ:

ઈંગ્લેન્ડની ટીમે ભારતને ત્રીજી ટેસ્ટ મેચમાં 22 રને હરાવી પાંચ ટેસ્ટ મેચની શ્રેણીમાં બે વિરુદ્ધ એક મેચની સરસાઇ મેળવી લીધી છે. લંડનના લોર્ડ્ઝ મેદાન પરની મેચમાં ઇંગ્લેન્ડની ટીમે 192 રન કરી ભારતને જીતવા 193 રન નું લક્ષ્યાંક આપ્યું હતું.ગઈકાલે પાંચમાં અને અંતિમ દિને ભારતની ટીમ 170 રન કરી શકી હતી. રવિન્દ્ર જાડેજા 61 રન કરી અણનમ રહ્યા હતા.

---

## ભુજ નગર પાલિકા સેનિટેશન બેઠક :

ભુજ નગરપાલિકાના કારોબારી ચેરમેન અને સેનિટેશન શાખાના ચેરમેનની સેનિટેશન શાખાના બ્રાંચ હેડ. સુપરવાઈઝર, વગેરે ગઈકાલે બેઠક મળી હતી. વરસાદી ઋતુને ધ્યાનમાં લઈ હવેથી શહેરમાં સફાઈ દર અઠવાડિયે દરેક વોર્ડમાં એકવાર કરાશે. તેમજ સેનિટેશન શાખાને લગતી કોઈ પણ ફરિયાદ હશે તો શાખાના ચેરમેન શાખામાં સવારે સાડા અગિયાર થી બપોરે દોઢ વાગ્યા સુધી ઉપસ્થિત રહેશે તેવુ એક યાદીમાં જણાવાયુ છે.

---

## હવામાન:

રાજ્યમાં આગામી સાત દિવસ હળવોથી મધ્યમ વરસાદ યથાવત્ રહેશે. કચ્છમાં બે દિવસથી વરાપનો માહોલ જોવા મળી રહ્યો છે. અને જિલ્લામાં ગઈકાલે કોઇપણ સ્થળે વરસાદ પડવાના અહેવાલ નથી.

---